# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-11-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## કૃષિ સહાય:

રાજ્યના વાવ-થરાદ, પાટણ, કચ્છ, પંચમહાલ અને જૂનાગઢ જિલ્લામાં પિયત અને બિનપિયત બંનેમાં એક સમાન કૃષિ સહાય અપાશે.

રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું છે કે, પિયત અને બિનપિયત બંને પાકોમાં ખેડૂતોને 22 હજાર રૂપિયાની સહાય ચૂકવવામાં આવશે. આ પાંચ જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતો માટે આજથી કૃષિ રાહત પેકેજ પોર્ટલ ખુલ્લું મૂકાયુ છે. ખેડૂતો પોતાના ગામના VCE/VLEના માધ્યમથી આગામી 15 દિવસ સુધી સહાય માટે પોર્ટલ પર અરજી કરી શકશે. દરમ્યાન, વાવ-થરાદ અને પાટણ જિલ્લામાં ભારે વરસાદમાં પાણી ભરાયેલા હોય તેમજ રવિ ઋતુમાં વાવેતર થઈ શકે તેમ ન હોય તેવા ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા ખાસ કિસ્સામાં ૨૦,૦૦૦ રૂ. પ્રતિ હેક્ટર લેખે ૨ હેક્ટરની મર્યાદામાં સહાય આપવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ગત ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૫ માસમાં વરસેલા અતિભારે વરસાદમાં જૂનાગઢ, વાવ-થરાદ, કચ્છ, પંચમહાલ અને પાટણ જિલ્લાના ખેતી પાકોમાં વ્યાપક નુકસાન જોવા મળ્યું હતું. ખરીફમાં વાવેતર કરાયેલા દીવેલા, ઘાસચારો, બાજરી, કપાસ, મગફળી અને શાકભાજી સહિતના પાકોને ભારે નુકસાન થયું છે. ઉપરાંત કઠોળ અને દાડમ જેવા બાગાયતી પાકોને પણ અસર પહોંચી હતી. આ નુકશાનમાં ખેડૂતોને આર્થિક મદદ પૂરી પાડવાના આશય સાથે રાજ્ય સરકારે ૯૪૭ કરોડ રૂપિયાના કૃષિ રાહત પેકેજની જાહેરાત કરી હતી.

---

## કચ્છમાં સુરક્ષા એલર્ટ:

દિલ્હીમાં લાલ કિલ્લા પાસે કારમાં થયેલા વિસ્ફોટ બાદ રાજ્ય પોલીસ દ્વારા વિવિધ જિલ્લામાં તપાસ કરવામાં આવી રહી છે.

સરહદી કચ્છમાં પણ સુરક્ષા એલર્ટ અંતર્ગત પોલીસ વિભાગ દ્વારા સઘન તપાસ અને પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે. જીલ્લાના પશ્ચિમ અને પૂર્વ વિભાગમાં આવેલા તમામ પોલીસ મથકોના એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ્સ પર વાહનોની તપાસ ચાલી રહી છે. પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓની સૂચનાથી જાહેર સ્થળો અને મુખ્ય માર્ગો પર રાત્રિ પેટ્રોલિંગ પણ સઘન બનાવવામાં આવ્યું છે.

જીલ્લાના પ્રવેશદ્વાર સમા આડેસર પોલીસ ચેકપોસ્ટ પરથી પસાર થતા તમામ વાહનોને રોકીને ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, ભુજ તથા જિલ્લાના દુર્ગમ વિસ્તારોમાં પણ પોલીસની વિવિધ ટીમો નાની-મોટી તમામ ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખી રહી છે.

---

## ભુજ રેલવે સ્ટેશન:

જીલ્લા મથક ભુજ રેલવે સ્ટેશનના અપગ્રેડેશનની કામગીરી ઝડપથી ચાલી રહી છે જેમાં 75 ટકા કાર્ય પૂર્ણ થયું છે તેમ રેલવે દ્વારા જણાવવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ આગામી એપ્રિલ 2026 સુધીમા પુર્ણ થશે.

સાથે જ સ્ટેશન યાર્ડમાં બે નવી પીટલાઇન બનાવવામાં આવી રહી છે. નવી પીટ લાઇન બનવાથી કોચિંગ ઓપરેશનોની ક્ષમતામાં વધારો થશે. જેનાથી રેક જાળવણી અને વધુ ટ્રેનોનું સંચાલન શક્ય બનશે.

ઉલ્લેખનીય છે કે, અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ચાલી રહેલા આ નવા ભુજ રેલવે સ્ટેશનના અપગ્રેડેશનના પ્રોજેક્ટનો મંજૂર ખર્ચ આશરે 200 કરોડ છે. આગામી 40 થી 50 વર્ષો

સુધીની કચ્છ ક્ષેત્રની મુસાફરીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સ્ટેશનનો પુનઃવિકાસ કરવામાં આવી રહ્યો છે.

---

## રણોત્સવ:

આગામી દિવસોમાં શરુ થનાર રણોત્સવ પૂર્વે ધોરડો, ધોળાવીરા સહિત આજુબાજુ વિસ્તારના હોમસ્ટે/રિસોર્ટ ધારકો સાથે આજે કલેક્ટર આનંદ પટેલે બેઠક યોજી હતી. જીલ્લા કલેકટરે તમામ હોમસ્ટે/રિસોર્ટ ધારકોને જવાબદાર પ્રવાસનના ધ્યેય સાથે પ્લાસ્ટિક પ્રતિબંધિત વિસ્તારમાં પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા અનુરોધ કર્યો હતો. જીલ્લામાં મહત્તમ સંખ્યામાં પ્રવાસીઓ આવે, સ્થાનિક લોકોને રોજગારી મળે અને સ્થાનિક કલા/લોકકલાનો વિકાસ થાય તે માટે સરકાર પ્રયત્નશીલ છે ત્યારે ધોરડો, ધોળાવીરા સહિતના વિસ્તારના તમામ હોમસ્ટે/રિસોર્ટ ધારકો પણ પ્રવાસીઓનો અનુભવ સુખદ રહે તે માટે જરૂરી સાફ સફાઈ જાળવે, સ્વચ્છતા રાખે અને પારદર્શિતા અપનાવે તેવું સૂચન શ્રી પટેલે કર્યું હતું.

કચ્છ આવતા પ્રવાસીઓ ઓનલાઈન રણ પરમીટ મેળવી શકે તે માટે ક્યુઆર કોર્ડથી પરમીટ મેળવવા અંગે જીલ્લા કલેકટરે માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં તેમણે હોમસ્ટે/રિસોર્ટ ધારકોના પ્રશ્નો અંગે પણ જાણકારી મેળવી હતી.

---

## મચ્છર જન્ય રોગચાળો:

ચોમાસા પછી પણ સતત કમોસમી વરસાદની સિઝન રહેવાના કારણે પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો વધ્યો છે. જેમાં અંજાર શહેરમાં ગત માસ ઓક્ટોબરમાં 1 મહિનામાં જ 28 જેટલા ડેન્ગ્યુના કેસ નોંધાયા છે. સરકારી આરોગ્ય શાખાની આંકડાકીય વિગતો મુજબ, અંજારમાં છેલ્લા 10 મહિનામાં ડેન્ગ્યુ તાવના 92 કેસ નોંધાયા હતા. આ પૈકી ચિંતાજનક રીતે ઓક્ટોબરમાં જ 28 કેસ નોંધાયા છે. સાથે અંજાર શહેરમાં મેલેરિયાના પણ 15 કેસ નોંધાયા છે.

ઉલ્લેખનીય છે કે, વરસાદી સિઝન બાદ રાજ્યમાં ડેન્ગ્યુના કેસોમાં વધારો જોવા મળ્યો છે. જુલાઈ સપ્ટેમ્બર મહીનામાં સમગ્ર રાજ્યમાં ડેન્ગ્યુના 34,000 થી વધુ કેસ નોંધાયા છે.

આરોગ્ય તંત્રએ ઘરોની આજુબાજુ પાણી ભરાયેલું હોય તે જગ્યાઓ ખાલી કરી સાફ કરવા, પાણીમાં ક્લોરિન નાખવા તેમજ જો વાયરલ તાવ, શરદી કે ઉધરસ જેવું જણાય તો આરોગ્ય કેન્દ્ર જઇ તબીબ પાસે પરિક્ષણ કરાવવા અપીલ કરી છે.

---------------------------------------------------------------------------------------------------

## યુવા આપદા મિત્ર તાલીમ:

કચ્છ જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપનની સજ્જતા વધારવા અને સ્થાનિક સ્તરે સ્વયંસેવકોનું મજબુત માળખું ઉભું કરવાના હેતુથી  રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા યુવા આપદા મિત્ર યોજના હેઠળ તાલીમ આપવામાં આવે છે. જે અંતર્ગત જિલ્લાના પ્રથમ બેંચના ૩૭ જેટલા યુવા આપદા મિત્રોને પાલનપુર ખાતે તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ શિબિરમાં આપત્તિ વ્યવસ્થાપન વિષયની માહિતી ઉપરાંત ભુકંપ, પૂર, વાવાઝોડું, સુનામિ, ફાયર સેફ્ટી જેવી કુદરતી અને માનવ સર્જીત આપત્તિઓ વખતે આત્મરક્ષણ કઈ રીતે મેળવવું તેમજ અન્યોને આવી પરિસ્થિતિઓમાંથી કઈ રીતે બચાવી શકાય તે અંગેની તાલીમ આપવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------------------